Postal Reg. No. G-JND/313, Valid Upto Dt.31.12.2015 RNI Regi.No. : GUJGUJ/2012/46125

ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત

TRIMURTI HOSPITALS
THE ART OF MEDICAL CARE
Cure with Care

# ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ

ગુજરાતી માસિકપત્ર

ભાવનાબેન ચિખલીયા પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ વિશેષાંક વર્ષ : ૨ અંક : ૧૨ જૂલાઇ-૨૦૧૪

**बडे गौरसे सुन रहा था जमाना तुम्हे ।**
**तुम ही सो गये दास्तां कहेते कहेते ।।**



## શ્રીમતિ ભાવનાબેન ચિખલીયા

**૧૪.૨.૧૯૫૫ – ૨૮.૬.૨૦૧૩**

**ડૉ. ડી. પી. ચિખલીયા – શૌનક ડી. ચિખલીયા,**
**તુલશી એસ. ચિખલીયા – રેનૈશા એસ. ચિખલીયા**

આદરણીય સ્નેહીજનો, મિત્રો તેમજ શુભેચ્છકો....

તા.૨૮.૬.૨૦૧૩ નો દિવસ અમારા કુટુંબ પર કારમી ઘાત સમાન રહ્યો. આપણા સૌના અને અમારા પ્રાણથી પણ પ્રિય એવા ભાવનાબેન આ દુન્યવી માયા છોડી વૈકુંઠમાં સ્થાન પામ્યા. બરાબર એક વર્ષ પુર્ણ થાય છે. અત્યારે પણ તેમનો ખુમારી ભર્યો નિડર અવાજ કાને સતત અથડાયા કરે છે. 'સાહેબજી, કયાં છો?' આપણી આસપાસમાં કયાંકને કયાંક તેની સતત હાજરી છે તેવું લાગ્યા જ કરે છે. તેમનામાં રહેલી તાકાત, દીર્ઘદ્રષ્ટિ અને લોકોને મદદ કરવાની તેમની ભાવના સતત નેત્રપટલ પર ઝબકાર કરે છે. અને આ પ્રેરણાથી જ 'ભાવનાબેન ચિખલીયા ફાઉન્ડેશન'ની રચના થાય છે. તેમને ગમતી પ્રવૃતિઓ જેવી કે... શૈક્ષણિક, સામાજીક, સાંસ્કૃતિક, તબીબી તેમજ સ્ત્રીસશકિતકરણના કાર્યો લોકો સુધી પહોંચતા થાય છે. આ બધીજ પ્રવૃતિઓના આપ સાક્ષી છો અને આ અંક દ્વારા આપ સમક્ષ મુકીએ છીએ અને સર્વનો ઋણ સ્વીકાર કરીએ છીએ.

શૈક્ષણિક પ્રવૃતિના ભાગરૂપે ૧૫૦ દીકરા-દીકરીઓની GPSC ની Entrance પરીક્ષા માટેની તૈયારી ચાલી રહી છે.

પ્રથમ વાર્ષિક પુણ્ય તિથિ નિમિત્તે તા.૨૮.૬.૨૦૧૪ના આખો દિવસ સવારે ૯:૦૦ વાગ્યાથી શરૂ કરી અનેક ધાર્મિક, સામાજીક કાર્યોના ભાગરૂપ ગાયને ઘાસચારો, પક્ષીને ચણ, જૂનાગઢ  શહેર અને તેની આસપાસના વિસ્તારમાં આવેલ વિકલાંગો, અંધજનો અને અત્યંત દારૂણ પરિસ્થિતિમાં રહેતા ૫૦૦ બાળકોને સુંદર ભોજન વ્યવસ્થા કરાવી હતી. આ ઉપરાંત રાત્રે ટાઉનહોલમાં નારી શકિતને ઉજાગર કરતું ''નારી તું નારાયણી''ના વિષય પર દેશ અને દેશની બહાર ખ્યાતિ ધરાવતા લોકસાહિત્યકાર, ચિંતક અને વિવેચક માનનિય શ્રી ભીખુદાનભાઇ ગઢવી દ્વારા ખુબ જ સરસ રજુઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે ખોડલધામ કાગવડના પ્રણેતા માનનીયશ્રી નરેશભાઇ પટેલ, ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષશ્રી આર. સી. ફળદુ સાહેબ, ગુજરાત રાજયના મંત્રીશ્રી ગોવિંદભાઇ પટેલ, અમારા કૌટુંબિક સભ્ય અને ગુજરાત રાજયના માજી કૃષિમંત્રીશ્રી દિલીપભાઇ સંઘાણી, રાજયસભાના સભ્યશ્રી મનસુખભાઇ માંડવિયા, માનનીય હેમાબેન આચાર્ય, સંતગણ પૂ.ભારતી બાપુ, પૂ.શેરનાથ બાપુ, પૂ.ઇન્દ્રભારથી બાપુ તેમજ ગુજરાત રાજયના પૂર્વમંત્રીશ્રીમતિ જશુબેન કોરાટ, રત્નાબાપા ઠુંમર અને શહેરના લગભગ બધા જ સામાજિક, રાજકીય નેતાઓ સ્મરણાંજલી કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતાં.

પ્રમથ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે તા.૨૯.૬.૨૦૧૪ને રવિવારના રોજ આર. એસ. કાલરીયા સ્કુલ કેમ્પસ ખાતે એક મેગા નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું. માજી સાંસદ, પૂર્વ મંત્રીશ્રી મોહનભાઇ પટેલના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કેમ્પનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ હતું. જેનો લગભગ ૧૫૦૦ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. જમાં નિઃશુલ્ક નિદાન ઉપરાંત નિઃશુલ્ક દવાઓ આપવામાં આવી હતી. તદ્‌ઉપરાંત ખરેખર જે લોકો દરિદ્ર હતા અને જેઓને ઓપરેશનની જરૂર હતી તેવા ૭૫ જેટલા દર્દીઓને તદ્‌ન નિઃશુલ્ક ઓપરેશન કરી આપવાની ઘોષણા કરવામાં આવી હતી.

આજના દિવસે રક્તદાન કેમ્પનું પણ ત્રિમૂર્તિ હોસ્પિટલ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લગભગ ૧૦૫ જેટલી રક્તદાતા દ્વારા રક્તદાન કરવામાં આવેલ લોહીની બોટલો એકત્રિત કરવામાં આવેલ હતી. ડૉ. જી. કે. ગજેરા સાહેબની જીવનદીપ લેબોરેટરીના સંપૂર્ણ સહયોગ દ્વારા આ કાર્ય સંપન્ન થયું હતું. આમ વિવિધ સેવાકીય કાર્યો દ્વારા ભાવનાબેન આપણા સૌના હ્રદયમાં જીવંત હોય તે રીતે અનેક લોકોએ આ કાર્યમાં જોડાઇ ખુબ જ સાથ અને સહકાર આપ્યો હતો. આ બધા જ કાર્યો ડૉ. મહેશ વારા, અમૃતભાઇ પોંકીયા, ઉમેદભાઇ ગામી, અમારા વડીલ બંધુ છગનભાઇ ગામી – ભાભી નર્મદાબેન ગામી તથા અમારા હોસ્પિટલના સીઇઓ ડૉ. અદિતિ દવેના માર્ગદર્શનમાં તૈયાર થયા હતાં.

ત્રિમૂર્તિ હોસ્પિટલના ઇન્ટેન્સીવીસ્ટ ડૉ. શૈલેસ જાદવ લિખિત 'છલોછલ ખાબોચિયું' પુસ્તક ભાવનાબેનને શ્રધ્ધાંજલી સ્વરૂપે અંજલી આપતી અનેક ગઝલોનો સંગ્રહ છે, જેનું વિમોચન ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યુ હતું.

આ ઉપરાંત લગભગ ૧૫ જેટલા યુવાનોએ વ્યસન મુકિત સાથે ભાવનાબેનને શ્રધ્ધાંજલી અર્પી હતી. આ પ્રસંગે તેમનું શિલ્ડ આપી સન્માન કરવામાં આવેલ હતું. ડૉ. જે. પી. ગોંડલીયા કે જેઓ સરદાર પટેલ એજયુકેશન ટ્રસ્ટમાં લાઇબ્રેરીયન તરીકે સેવા આપે છે તેઓશ્રીએ ભાવનાબેન ફાઉન્ડેશનમાં આપેલ યોગદાન બદલ શાલ અને સન્માનપત્ર આપી સન્માન કરાયું હતું.

TRIMURTI HOSPITALS
THE ART OF MEDICAL CARE

ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત

# ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ

ગુજરાતી માસિકપત્ર

વર્ષ : ૨ અંક : ૧૨ જૂલાઈ-૨૦૧૪

**મુદ્રક ● માલિક ● પ્રકાશક**
ડૉ. ડી. પી. ચિખલીયા
મો.૯૮૨૫૨ ૩૧૭૩૧

**તંત્રી**
ડૉ. ડી. પી. ચિખલીયા

**સહતંત્રી**
ડૉ. રમેશ ભાંખર
ડૉ. પરાગ પટેલ ડૉ. શૈલેશ જાદવ
ડૉ. રૂપલ પટેલ ડૉ. નવીન કર્ણ
ડૉ. એમ. ડી. સાંગાણી

**સંપાદક મંડળ**
અમૃત પોંકીયા ડૉ.નિલેશ ચિખલીયા
ડૉ. અદિતિ દવે ઉમેદ ગામી

**પ્રિન્ટર**
પાયોનિયર ઓફસેટ-જુનાગઢ
મો.૯૮૯૮૦ ૮૪૬૦૮

**'ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ' માસિક પત્ર દ્વારા અમારો ઉદેશ લોકોને રોગ તથા તેની સારવાર વિષે જાણકારી આપવાનો તથા સારવાર લેતી વખતે યોગ્ય નિર્ણય લેવા માટે મદદરૂપ થવાનો છે. અને લોકોને હેલ્થ વિષે જાગૃત કરવા માટે ઉપયોગી થવાનો છે.**

**સરનામું**
**ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ કાર્યાલય**
ત્રિમૂર્તિ હોસ્પિટલ
નવા બસ સ્ટેન્ડ પાસે, જુનાગઢ
ફોન : ૦૨૮૫-૨૬૩૧૭૩૧,
મો.૯૮૨૫૨ ૩૧૭૩૧
www.trimurtihospitals.in,
E-mail : trimurtihospitals@gmail.com


પ્રથમ વાર્ષિક પુણ્ય તિથિના દિવસે હોમાત્મક બીડું હોમતા ડૉ.ડી.પી. ચિખલીયા


પ્રથમ વાર્ષિક પુણ્ય તિથિના દિવસે ગાયને ઘાસચારો તેમજ પક્ષીને ચણ


પ્રથમ વાર્ષિક પુણ્ય તિથિના દિવસે મહિલા સત્સંગ


સ્મરણાંજલી કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય


સ્મરણાંજલી પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોનું પુસ્તક આપી સ્વાગત


ભાવનાબેન ફાઉન્ડેશનના વ્યસન મુકિત અભિયાનમાં જોડાતા યુવાનો.


ભાવનાબેન ફાઉન્ડેશનની પ્રવૃતિમાં સહયોગ આપવા બદલ સન્માન


સ્મરણાંજલી કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોનું શાબ્દિક અભિવાદન કરતા પૂ.ભારતી બાપુ



સ્મરણાંજલી કાર્યક્રમમાં ઉપસ્થિત જનસમુદાય

લોકોનું અભિવાદન કરતા
ડૉ. ડી. પી. ચિખલીયા




સ્મરણાંજલી કાર્યક્રમમાં અંતર્ગત સંગીત સ્મરણાંજલી




કાર્યક્રમમાં રાજદ્વારેથી પધારેલ આર.સી. ફળદુ
તેમજ ગોવિંદભાઈ પટેલ, દિલીપભાઈ સંઘાણી



આજના દિવસે ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના
પ્રમુખશ્રી નરેશ પટેલનું ઉદબોધન



ત્રિમૂર્તિ હોસ્પિટલના ઈન્ટેન્સીવિસ્ટ ડૉ. શૈલેશ જાદવ દ્વારા લિખિત પુસ્તક 'છલોછલ ખાબોચિયું' નું વિમોચન



ગુજરાત ભાજપ, પ્રમુખશ્રી આર. સી. ફળદુ
એ આ પ્રસંગે ભાવનાબેનની રાજકીય
કારકીર્દીને નિષ્કલંક ગણી બિરદાવી હતી.



ડૉ. શૈલેશ જાદવએ સાહિત્ય ક્ષેત્રે કરેલ પ્રદાન બદલ
તેમને સન્માનિત કરતા ભિખુદાન ગઢવી.




બ્લડ ડોનેશન કેમ્પનું દીપ પ્રાગટ્ય



સ્મરણાંજલી કાર્યક્રમમાં 'નારી તું નારાયણી' ની વાતને પોતાની લાક્ષણિક અદામાં
રજુઆત કરતા વિશ્વવિખ્યાત સાહિત્યકાર ભિખુદાનભાઈ ગઢવી.


















નિદાન કેમ્પમાં સેવા આપતા ડૉક્ટર્સ, નર્સિસ તેમજ મેડીકલ સ્ટાફ







## ભાવનાબેન ચિખલીયા ફાઉન્ડેશન – જૂનાગઢ દ્વારા પાંચ પ્રવૃતિઓ


શૈક્ષણિક


સામાજિક


સાંસ્કૃતિક


તબીબી


સ્ત્રી સશકિતકરણ

Postal Reg. No. G-JND/313, Valid Upto Dt.31.12.2015
RNI Regi.No. : GUJGUJ/2012/46125

ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત **ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ**

**If Undelivered, Please Return to,**
Trimurti Hospitals, Near New Bus Station, Junagadh
Ph : (0285) 2631731, M. 98252 31731
www.trimurtihospitals.in, E-mail : trimurtihospitals@gmail.com

Book-Post

To, ______________________

______________________

______________________

______________________



જુનાગઢમાં સૌ પ્રથમ (ANM) નર્સિંગ સ્કુલ

## મહાત્મા ગાંધી સ્કુલ ઓફ નર્સિંગ

### ઓકઝીલરી નર્સ મીડવાઈફ (ANM)

(ગુજરાત નર્સિંગ કાઉન્સીલ-અમદાવાદ તથા ઈન્ડીયન નર્સિંગ કાઉન્સીલ-દિલ્હી માન્ય)

- અદ્યતન મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
- અદ્યતન નર્સિંગ સ્કુલ
- અદ્યતન હોસ્ટેલ સુવિધા
- બી.એસ.સી. નર્સિંગ સ્ટાફ દ્વારા શિક્ષણ

**સદર કોર્ષમાં પ્રવેશ સંબંધિત જરૂરી માહિતી માગદર્શન માટે સંપર્ક કરો**

ત્રિમૂર્તિ હોસ્પિટલ્સ બિલ્ડીંગ
એસ.ટી. રોડ, જૂનાગઢ-૩૬૨૦૦૧, મો.૯૮૨૫૫ ૨૯૩૪૫
મો.૯૯૭૪૬ ૫૪૦૧૭